# ગુજરાતની કંપનીઓએ શેરબજારમાં એક જ દિવસમાં ૮૩,૦૦૦ કરોડ ગુમાવ્યા

અમદાવાદ.તા.૭ : વૈશ્વિક બજારની ઉથલપાથલને કારણે સોમવારે શેરબજારમાં મોટો કડાકો જોવા મળ્યો હતો, જેના કારણે ગુજરાત સ્થિત કોર્પોરેટ્સને વેચાણના નોંધપાત્ર અસર થઈ હતી. રાજ્યની અગ્રણી કંપનીઓએ એક જ દિવસમાં ૮૩,૦૦૦ કરોડથી વધુની ખોટ ખાધી હતી. એનએસઈ નિફ્ટીમાં ૨.૬૮ ટકાના ઘટાડા સાથે ૨૪૦૫૫ પર બંધ થઈ હતી , જ્યારે બીએસઈ સેન્સેક્સ ૨.૭૪ ટકા ઘટીને ૭૮૭૫૯ પર બંધ થયું હતું. અદાણી ગ્રીન એનર્જી લિમિટેડ, અદાણી પોર્ટ્સ એન્ડ સેઝ લિમિટેડ, અદાણી ટોટલ ગેસ લિમિટેડ, અદાણી પાવર અને ટોરેન્ટ પાવર લિમિટેડ જેવી કંપનીઓના શેરમાં ૫ ટકાનો ઘટાડો થયો હતો. વરિષ્ઠ સંશોધન વિશ્લેષક હિતેશ સોમાનીએ જણાવ્યું હતું કે, ''મોટાભાગની કંપનીઓ ૩ ટકાથી વધુ ઘટી હતી, અને પાંચ અગ્રણી કંપનીઓમાં ૫ ટકાથી વધુનો ઘટાડો થયો હતો. છેલ્લા બે ટ્રેડિંગ દિવસોમાં ભારતીય શેરબજારોમાં તીવ્ર ઘટાડો જોવા મળ્યો હતો.

ઈઝરાયેલ-ઈરાન સંઘર્ષ અને યુએસ અને જાપાનીઝ

### વૈશ્વિક બજારમાં અસ્થિરતા અને ઈઝરાયલ - ઈરાન યુદ્ધના કારણે બજારો ડાઉન છે

બજારોમાં નોંધપાત્ર ઘટાડા જેવા પરિબળોએ ગુજરાત સ્થિત કંપનીઓને અસર કરી હતી. જો નિફ્ટી ૨૪૦૦૦ ના સ્તરની નીચે તૂટે તો આપણે વધુ નુકસાન થશે.

સ્ટોક બ્રોકિંગ ફર્મના ડિરેક્ટર ગુંજન ચોકસીએ જણાવ્યું હતું કે , '' ભારતીય શેરોમાં કરેક્શન વૈશ્વિક વેચાણ-બંધને કારણે છે ,જેમાં યેન કેરીનો વેપાર મુખ્ય પરિબળ છે , તેની સાથે નબળા યુએસ અને જાપાનની સ્થિતિ તેમજ ઈરાન ઈઝરાયેલ વચ્ચે ભૌગોલિક રાજકીય તણાવના કારણે વૈશ્વિક રોકાણકારો તેમનામાં ઘટાડો કરી રહ્યા છે. જો કે, ગુજરાત સ્થિત કોર્પોરેટ્સ મજબૂત નાણાકીય અને ફંડામેન્ટલ્સ ધરાવે છે, તેથી લાંબા ગાળાનો દૃષ્ટિકોણ સકારાત્મક છે.

સ્ટોક બ્રોકિંગ ફર્મના એમડી તન્મય શાહે સલાહ આપી હતી કે , '' આજે બજારનો ઘટાડો મુખ્યત્વે વૈશ્વિક મેક્રો-ઈકોનોમિક પરિબળો અને ભૌગોલિક-રાજકીય તણાવને કારણે છે. લાંબા ગાળાના રોકાણકારોએ કોર્સમાં રહેવું જોઈએ અને ઘટાડાનો લાભ મેળવવા માટે વ્યવસ્થિત રોકાણો પર વિચાર કરવો જોઈએ. ભારતીય અર્થતંત્ર મજબૂત છે, અને ગુજરાત આધારિત કંપનીઓની કમાણી મજબૂત છે, જે મંદી ઘટાડવામાં મદદ કરશે.

૧૦ રાજ્યોમાં ભારે વરસાદના એલર્ટ વચ્ચે ઉત્તર પ્રદેશ, બિહાર, રાજસ્થાનમાં પૂરની ચિંતાજનક સ્થિતિ સર્જાયેલી છે. રાજસ્થાનના પાલીમા ઘરોમાં પાંચ ફુટ પાણી ભરાયા છે. ગંગા નદીના ઉપરવાસના વિસ્તારમાં મુશળધાર વરસાદ પડતા ગંગા નદીમાં આવેલા ઘોડાપુરના પાણી પ્રયાગરાજમાં કિનારા વિર નજીકના વિસ્તારોમાં ફરી વળેલા નજરે પડે છે.

## સંઘરેલા શેર પણ કામ લાગે છે!!

# દાદાએ ૨૦૦૪માં લીધેલા ૫૦૦ શેર પૌત્રીને પોણા બે કરોડ અપાવ્યા!!

બેંગ્લોર:

આનું નામ નસીબ. આ લોટરી બેંગ્લોરની પ્રિયા શર્માને લાગી છે. ૨૦૨૦માં કોરોનાને કારણે લોકડાઉન હતો. ઘરની બહાર નીકળવાનું નહોતું એટલે પ્રિયા શર્માએ ટાઈમપાસ કરવા માટે દાદાનું વસિયતનામું વાંચવાનું નક્કી કર્યું. વિલ લેવા ગઈ ત્યાં ખાનામાં કેટલાક જૂના શેર પર નજર ગઈ. પ્રિયાના દાદાએ છેક ૨૦૦૪માં એલ એન્ડ ટી કંપનીના શેર લઈ રાખ્યા હતા અને પછી સંજોગોવશાત રોકાણ નહીં કર્યું હોય. બ્લુચીપ કંપનીના શેર હતા એટલે સ્વાભાવિક રીતે જ સ્ટોકનું મૂલ્ય તો વધવાનું જ હતું. વારસામાં મળેલા આ ૫૦૦ શેર પર પ્રિયા શર્માને બોનસ શેર અને સ્ટોક વિભાજન સાથે ૪૫૦૦ સ્ટોક મળ્યા. ઓટલે કે શેર ૯ ગણા વધી ગયા. એ જ રીતે શેરમૂલ્ય પણ વધી ગયું. અત્યારે આ સ્ટોકની કિંમત નહીં-નહીં તોય ૧.૭૨ કરોડ રૂપિયા થઈ ગઈ છે.

## પિતાએ દલીલ કરી કે, તેની પાસે પૂરતી આવક નથી

# પિતા હોવાને કારણે અરજદારને આ જવાબદારીમાંથી મુક્ત મળતી નથી: HC

જમ્મુ કાશ્મીર, તા.૭

જમ્મુ-કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટે તાજેતરમાં જ એક અરજી પર સુનાવણી હાથ ધરી હતી. આ સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું હતું કે, ''બાળકોની સાર-સંભાળ રાખવાની જવાબદારી પિતાની છે. માતા કામ કરતી હોય અને કમાતી હોય તો પણ તેના નાના બાળકોની સંભાળ રાખવાની જવાબદારી પિતાની છે.''

### માતા કમાતી હોય તો પણ બાળકોના ઉછેર માટે પૈસા આપવા એ પિતાની જવાબદારી : હાઈકોર્ટની ટિપ્પણી

જસ્ટિસ સંજય ધરે સુનાવણી દરમિયાન કહ્યું કે, ''માતા ભલે કામ કરતી હોય, પરંતુ પિતા પોતાના બાળકોના ભરણપોષણની જવાબદારીમાંથી મુક્ત થઈ શકતો નથી.''

કોર્ટમાં એક વ્યક્તિએ દલીલ કરી હતી કે, ''તેની પાસે તેના સગીર બાળકોના ભારણ-પોષણ માટે પૂરતી આવક નથી.''

તે વ્યક્તિએ એવી પણ દલીલ કરી હતી કે, ''તેની અલગ પડી ગયેલી પત્ની (અને તેના બાળકોની માતા) કામ કરતી સ્ત્રી છે જેની પાસે બાળકોની સંભાળ રાખવા માટે પૂરતી આવક છે. જો કે કોર્ટે આ દલીલ ફગાવી દીધી હતી.

કોર્ટે કહ્યું કે, ''નાના બાળકોના પિતા હોવાને કારણે તેમનું ભરણ-પોષણ કરવું એ પિતાની કાયદાકીય અને નૈતિક જવાબદારી છે. એ વાત સાચી છે કે બાળકોની માતા કામ કરતી મહિલા છે અને તેની પાસે આવકનો સ્રોત છે, પરંતુ તેનાથી પિતા હોવાને કારણે અરજદારને તેમના બાળકોના ભરણપોષણની જવાબદારીમાંથી મુક્ત મળતી નથી તેથી આ દલીલ પાયાવિહોણી છે.'' અરજદાર વ્યક્તિએ તેના ત્રણ બાળકો માટે ભરણપોષણ તરીકે ૪,૫૦૦ રૂપિયા ચૂકવવાના મેજિસ્ટ્રેટ કોર્ટના આદેશને પડકાર્યો હતો. સેશન્સ કોર્ટ દ્વારા ભરણપોષણ ચૂકવવાના આદેશને પડકારવામાં આવ્યા બાદ આ વ્યક્તિએ હાઈકોર્ટનો સંપર્ક કર્યો હતો.આ વ્યક્તિએ હાઈકોર્ટમાં દલીલ કરી હતી કે, તેની માસિક આવક માત્ર ૧૨,૦૦૦ રૂપિયા છે અને તેના માટે તેના બાળકોના ભરણપોષણ તરીકે ૧૩,૫૦૦ રૂપિયા આપવાનું શક્ય નથી. તેણે કહ્યું કે, તેણે તેના બીમાર માતા-પિતાને પણ સપોર્ટ કરવો પડશે. તેણે વધુમાં દલીલ કરી હતી કે, બાળકોની માતા સરકારી શિક્ષિકા હતી જેને સારો પગાર મળતો હતો. આવી સ્થિતિમાં બાળકોના ભરણપોષણની જવાબદારી તેના એકલા પર ન મૂકી શકાય. જો કે, તેણે ટ્રાયલ કોર્ટ સમક્ષ એવો કોઈ પુરાવો રજૂ કર્યો ન હતો કે તે દર્શાવે કે વ્યક્તિ દર મહિને માત્ર ૧૨,૦૦૦ રૂપિયા કમાય છે. બીજી તરફ, કોર્ટે કહ્યું કે, તે સ્પષ્ટ છે કે વ્યક્તિ એક લાયક એન્જિનિયર છે જેણે અગાઉ વિદેશમાં કામ કર્યું હતું.


**નેશનલ ઈન્સ્યુરન્સ વીમોસેવા સહકારી મંડળી લી.**

'ચંદ્રનિવાસ', કર્ણાવતી હોસ્પિટલ સામે, ટાઉન હોલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ-૬.

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી, તમામ સભ્ય, સહકારી મંડળીઓ, ટ્રસ્ટ, સંગઠનો (ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, દિલ્હી, બિહાર) તથા સર્વે વ્યક્તિગત સભ્યોને (૫ રાજ્યોમાં) જણાવવાનું કે, નેશનલ ઈન્સ્યોરન્સ વીમોસેવા સહકારી મંડળી લી. અમદાવાદની વર્ષ ૨૦૨૪ ની વાર્ષિક સાધારણ સભા તા. ૨૯.૦૮.૨૦૨૪, ગુરૂવાર, સમય : સવારે ૧૧:૦૦ વાગે રાખવામાં આવેલ છે. તેમાં આપ સર્વે ને આમંત્રણ છે.

તારીખ : ૦૮.૦૮.૨૦૨૪ બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
સ્થળ : અમદાવાદ આશા અજમેરી - પ્રમુખ



**PUBLIC NOTICE**

The Death Claim in Respect of Patel Rameshbhai Naranbhai was lodged on the Royal Sundaram General Insurance Company Limited and in the Absence of an Assignment the claim in Being settled in favour of Smt. Patel Labhuben Rameshbhai Claimant. In case there is any other claimant of the claim she should lodge a claim to that effect within one month in the event failing to do so the claim will be settled in favour of Patel Labhuben Rameshbhai

Royal Sundaram General Insurance Company Limited
No. 46, Whites Road, Chennai- 600014.


## ૧૨૦૦૦થી વધુ કર્મચારીની જશે નોકરી

# 'ડેલ'માં મોટી છટણીની જાહેરાત

નવી દિલ્હી, તા.૭

ટેક ઈન્ડસ્ટ્રીમાં છટણીનું પ્રમાણ વધતું જાય છે. ઈન્ટેલ (Intel) બાદ હવે વિશ્વની જાણીતી કમ્પ્યુટર નિર્માતા કંપની ડેલ (Dell)એ પણ મોટા પાયે છટણીની જાહેરાત કરી છે. આ છટણીની અસર સમગ્ર વિશ્વ પર પડશે. ડેલ લગભગ ૧૦ ટકા કર્મચારીઓને નોકરીમાંથી કાઢી મૂકશે. જેના કારણે તેના કર્મચારીઓની સંખ્યામાં લગભગ ૧૨,૫૦૦નો ઘટાડો થશે. આ છટણીની સૌથી વધુ અસર તેના વેચાણ વિભાગ પર પડશે. દાવો કરવામાં આવી રહ્યો છે કે આ નિર્ણયની ખરાબ અસર કંપનીના ઘણા મોટા અધિકારીઓ પર પણ પડી છે.

વેચાણ ટીમ પર પડશે માર, એઆઈ પર આપવામાં આવશે ધ્યાન બિઝનેસ ઈન્સાઈડરના રિપોર્ટ અનુસાર, ડેલે છટણીની આ યોજના વિશે કર્મચારીઓને આંતરિક મેમો દ્વારા જાણ કરી દીધી છે. કંપનીએ જણાવ્યું છે કે તે તેની વેચાણ ટીમમાં ફેરફાર કરવા જઈ રહી છે. આ ઉપરાંત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત વેચાણ એકમ પણ બનાવવામાં આવશે. કંપની એઆઈ પર ફોકસ વધારવા માંગે છે. જો કે, કંપનીએ છટણીની ચોક્કસ સંખ્યા વિશે માહિતી આપી નથી. પરંતુ, રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ૧૦

### ડેલે છટણી અંગે સ્ટાફને સૂચના આપી દીધી છે : આ છટણીનો સૌથી વધુ માર સેલ્સ ટીમ પર પડવાનો છે

ટકાથી વધુ કર્મચારીઓ તેના શિકાર બનશે. ગ્લોબલ સેલ્સ મોડર્નાઈઝેશન સ્કીમ પર કામ કરી રહી છે ડેલ રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે આ આંતરિક મેમો ડેલના સિનિયર એક્ઝિક્યુટિવ બિલ સ્કેનલ અને જહોન બાયર્ન દ્વારા મોકલવામાં આવ્યો છે. તેને ગ્લોબલ સેલ્સ મોડર્નાઈઝેશન અપડેટનું નામ આપવામાં આવ્યું છે. તેમાં કહેવામાં આવ્યું છે કે અમે અમારા બિઝનેસને નવી દિશા આપવા વિશે ગંભીરતાથી વિચાર કરી રહ્યા છીએ. મેનેજમેન્ટને રીસ્ટ્રક્ચર કરવા અને રોકાણની પ્રાથમિકતાઓ પણ બદલાઈ રહી છે. આપણે આપણા વેચાણ વિશે ફરીથી વિચારવાની જરૂર છે. મેનેજર, ડાયરેક્ટર અને વાઈસ પ્રેસિડેન્ટ જેવા મોટા પદ પર બેઠેલા લોકો પર ગિરી ગાજ ડેલના વેચાણ વિભાગના ઘણા કર્મચારીઓનો દાવો છે કે તેમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. આ ઉપરાંત તેમના ઘણા જાણકારો પણ છટણીના શિકાર થયા છે. આ છટણીની સૌથી વધુ અસર મેનેજર, ડાયરેક્ટર અને વાઈસ પ્રેસિડેન્ટ જેવા મોટા પદ પર બેઠેલા લોકો પર પડી છે. આમાંથી કેટલાક તો ૨૦ વર્ષથી પણ વધુ સમયથી કંપની સાથે જોડાયેલા હતા. આ ઉપરાંત માર્કેટિંગ અને ઓપરેશન્સ ટીમ પણ છટણીની શિકાર થઈ છે. હવે એક મેનેજર પાસે ઓછામાં ઓછા ૧૫ લોકોની ટીમ છે.

# ડીજીજીઆઈએ ૧૦ વિદેશી એરલાઈન્સોને ૧૦,૦૦૦ કરોડની જીએસટીની નોટીસ ફટકારી

નવી દિલ્હી.તા.૬

ડિરેક્ટોરેટ જનરલ ઑફ ગૂડ્ઝ એન્ડ સર્વિસિસ ટેક્સ ઈન્ટેલિજન્સ ડીજીજીઆઈ એ દેશમાં કાર્યરત ૧૦ વિદેશી એરલાઈન્સને ૧૦,૦૦૦ કરોડના ટેક્સની ચુકવણી ન કરવા બદલ નોટિસ મોકલી હતી .

છેલ્લા ત્રણ દિવસમાં બ્રિટિશ એરવેઝ , લુફ્થાન્સા , ઓમાન એર , અમીરાત અને સિંગાપોર એરલાઈન્સને નોટીસ મોકલવામાં આવી હતી.

સત્તાવાર જણાવવામાં આવ્યું હતું કે તાજેતરની સંકલિત જીએસટી માંગને પગલે ઈન્ફોસિસ દ્વારા ટાંકવામાં આવેલા પરિપત્રમાં કરપાત્ર અને કર મુકત જીએસટી હોય છે તે મુજબ એરલાઈન્સ મુક્તિ અને બિન-મુક્તિ બંને સેવાઓમાં સોદો કરે છે અને તે તેમને પરિપત્ર હેઠળ અયોગ્ય બનાવે છે.

એક અધિકારીએ જણાવ્યું હતું કે ડીજીજીઆઈ એ અગાઉ એરલાઈન્સ પાસેથી મુકિત અને બિન-મુકિત સેવાઓની અલગ યાદી માંગી હતી. ૧૦ માંથી માત્ર ચાર એરલાઈન્સે સૂચિ પ્રદાન કરી હતી અને બાકીની કોઈપણ એરલાઈન્સે ખુલાસો રજૂ કર્યો ન હતો. નોટિસ જુલાઈ ૨૦૧૭ થી માર્ચ ૨૦૨૪ સુધી જીએસટી પર લાગુ કરવામાં આવી હતી.એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે આ એરલાઈન્સનું ઓવરસીઝ હેડક્વાર્ટર

### બ્રિટિશ એરવેઝ , લુફ્થાન્સા , ઓમાન એર , અમીરાત અને સિંગાપોર એરલાઈન્સએ જીએસટી ન ચુકવવા બદલ નોટીસ આપી

એરક્રાફ્ટ મેઈન્ટેનન્સ તેમજ ફ્યૂ અને ભાડા જેવી સેવાઓ પૂરી પાડે છે. ડીજીજીઆઈ કહે છે કે આ સેવાઓ એક કાનૂની એન્ટિટીથી બીજીને ઓફર કરવામાં આવે છે, અને તેથી તે કર પાત્ર છે. ઓગસ્ટ ૨૦૨૩ માં આ બાબતની તપાસ શરૂ કરવામાં આવી હતી. ડીજીજીઆઈ એ ગયા વર્ષે ડિસેમ્બરમાં અને આ વર્ષે જાન્યુઆરીમાં આ એરલાઈન્સના ભારતીય કાર્યાલયોના મુખ્ય અધિકારીઓને સમન્સ પાઠવી અને સ્પષ્ટીકરણો અને કરમુકત સેવાઓની સૂચિની માંગ કરી હતી.

વિદેશી એરલાઈન્સે દલીલ કરી હતી કે સેવાનું સ્થળ હેડ ઓફિસ અને બ્રાન્ચ ઓફિસ બંને હોવાથી એરલાઈન્સ ભારતમાં જે કરપાત્ર છે તેના પર જ જીએસટી ચૂકવી શકે છે.

# બાઈક પર જતાં એક જ પરિવારના પાંચને અજાણ્યા વાહને ફંગોળ્યા

જયપુર, તા.૭

દેશમાં છેલ્લા ઘણા સમયમાં અકસ્માતના બનાવો બની રહ્યા છે. તેમાં પણ હાઈવે પર અકસ્માતની ઘટનામાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ એક ભયાનક અકસ્માતની ઘટના ચિત્તોડગઢ-નિમ્બહેરા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર બની છે. જેમાં એક કન્ટેનરે બાઈક સવાર પરિવારને કચડી નાખ્યો હતો. આ અકસ્માતમાં પાંચ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે એક માસૂમ બાળકી ઈજાગ્રસ્ત થઈ હતી. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ અકસ્માતની ઘટના ભવલિયા ગામ નજીક મંગળાવારે (૦૬ ઓગસ્ટ) રાત્રે બની હતી. આ ઘટનાની જાણ થતાં જ ચિત્તોડગઢ સદર પોલીસ સ્ટેશનના અધિકારી ટીમ સાથે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ઘટનાસ્થળે એમ્બ્યુલન્સને પણ બોલાવવામાં આવી હતી. બાઈક પર સવાર તમામ લોકો એક જ પરિવારના હોવાનું કહેવાય છે. પોલીસે હાલ અકસ્માતની વધુ તપાસ હાથ ધરી છે અને કન્ટેનર ચાલકની શોધખોળ માટે નાકાબંધી કરી છે. બાઈક પર એક દંપતી, બે યુવકો, એક છોકરી અને એક વર્ષનો માસૂમ બાળક સવાર હતા. આ તમામ લોકો નિંબાહેડા તરફ જઈ રહ્યા હતા ત્યારે બાવળીયા પોલીસ વિસ્તારમાં આ કરૂણ અકસ્માત સર્જાયો હતો. ઈજાગ્રસ્ત બાળકીને સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. તેમજ તમામ મૃતદેહોને પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. મૃતકોની ઓળખ શંભુપુરાના રહેવાસી તરીકે થઈ છે.

### પરિવારના પને વાહને ફંગોળતાં કમકમાટીભર્યા મોત


**BHAGWATI AUTOCAST LIMITED**

(CIN: L27100GJ1981PLC004718)

**Regd. Office:** Survey No. 816, (New Survey No. 259), Village: Rajoda, Nr. Bavla, Dist. Ahmedabad - 382 220. Ph. +91 2714-232283 / 232983 / 232066, E-mail: cs@bhagwati.com

**STATEMENT OF UN-AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30.06.2024**

[Rs. in lakhs except EPS]

| Sr. No. | Particulars | Quarter Ended | | | Year Ended |
|---|---|---|---|---|---|
| | | 30.06.2024 (Unaudited) | 31.03.2024 (Audited) | 30.06.2023 (Unaudited) | 31.03.2024 (Audited) |
| 1 | Total Income from operations | 3,468.11 | 3,239.93 | 3,802.10 | 13,449.49 |
| 2 | Net Profit for the period before tax | 265.03 | 396.92 | 283.37 | 963.96 |
| 3 | Net Profit for the period after tax | 248.72 | 407.36 | 204.54 | 693.02 |
| 4 | Total comprehensive income for the period [comprising profit for the period (after tax) and other comprehensive income (after tax)] | 251.35 | 419.06 | 204.14 | 703.53 |
| 5 | Equity share capital (Face value per share Rs. 10/- each) | 288.07 | 288.07 | 288.07 | 288.07 |
| 6 | Reserves excluding revaluation reserves | | | | 3,800.12 |
| 7 | Earnings per share (before and after extraordinary items) (of Rs. 10/- each) Basic & Diluted | 8.63 | 14.14 | 7.10 | 24.06 |

NOTES

[1] The above financial results have been reviewed by the Audit Committee and thereafter approved by the Board of Directors of the Company in their respective meetings held on August 07, 2024. The statutory Auditors of the company have carried out review of aforesaid results as per Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulation, 2015.

[2] The financial results for the quarter ended june 30, 2024 have been prepared in accordance with the Companies (Indian Accounting Standards) Rules, 2015 (Ind AS) prescribed under Section 133 of the Companies Act, 2013 and other recognised accounting practices and policies to the extent applicable.

[3] The above is an extract of the detailed format of Financial Results for the Quarter ended 30th June, 2024, filed with the Stock Exchanges, under the Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Financial Results is available on the Stock Exchange website www.bseindia.com and on the Company's website www.bhagwati.com

By Order of the Board of Directors
For, **Bhagwati Autocast Limited**
Sd/-
(Dr. P. N. Bhagwati)
Chairman
DIN: 00096799

Place: Ahmedabad
Date: 07.08.2024



**HARSHA ENGINEERS INTERNATIONAL LIMITED**

CIN:L29307GJ2010PLC063233

**Regd. Office:** Sarkhej-Bavla Road, Changodar, Ahmedabad, Sanand-382213, Gujarat, India.
**Ph:** +91 2717 618200, **Fax:** +91 2717 618259 **Web:** www.harshaengineers.com **Email:** sec@harshaengineers.com

**STATEMENT OF UNAUDITED CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30 JUNE 2024** (₹ in Lakhs)

| Sr. No. | Particulars | Consolidated | | | |
|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | | Year Ended |
| | | 30-06-2024 Unaudited | 31-03-2024 Audited Refer Note 4 | 30-06-2023 Unudited | 31-03-2024 Audited |
| 1 | Total Income from Operations | 34,316 | 38,040 | 34,796 | 139,230 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax and Exceptional items) | 5,030 | 4,948 | 3,364 | 15,075 |
| 3 | Net Profit / (Loss) for the period before Tax (after Exceptional Items) | 5,030 | 4,948 | 3,364 | 15,075 |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional items) | 3,605 | 3,678 | 2,458 | 11,143 |
| 5 | Total Comprehensive Income for the period [comprising profit / (Loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | 3,645 | 3,826 | 2,805 | 11,543 |
| 6 | Equity Share Capital (Paid-up) | 9,104 | 9,104 | 9,104 | 9,104 |
| 7 | Other Equity (Excluding Revaluation Reserve) as per the Audited Balance Sheet of previous year | - | - | - | 108,424 |
| 8 | Earnings Per Share (of ₹ 10 each) (not annualised) (for discontinued and continued operations) | | | | |
| | (a) Basic | 3.96 | 4.04 | 2.70 | 12.24 |
| | (b) Diluted | 3.96 | 4.04 | 2.70 | 12.24 |

**Notes :**

1. Additional Information of Unaudited Standalone Financial Results is as under: (₹ in Lakhs)

| Sr. No. | Particulars | Standalone | | | |
|---|---|---|---|---|---|
| | | Quarter Ended | | | Year Ended |
| | | 30-06-2024 Unaudited | 31-03-2024 Audited Refer Note 4 | 30-06-2023 Unudited | 31-03-2024 Audited |
| 1 | Revenue from Operations | 25,830 | 29,753 | 25,616 | 108,094 |
| 2 | Profit / (Loss) before Tax | 5,175 | 5,008 | 3,889 | 16,765 |
| 3 | Profit / (Loss) After Tax | 3,856 | 3,759 | 2,976 | 12,691 |
| 4 | Total Comprehensive Income (after tax) | 3,896 | 3,907 | 3,323 | 13,091 |

2. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results are available on the Stock Exchange websites viz. www.bseindia.com and www.nseindia.com. The same are also available on the Company's website viz. www.harshaengineers.com.
3. The above Unaudited Financial Results for the quarter ended 30 June, 2024 have been reviewed by the Audit Committee and subsequently approved by the Board of Directors in their respective meetings held on 7 August, 2024.
4. Figures of the quarter ended 31 March , 2024 is the balancing figures between audited figures in respect of the full financial year and year to date figures up to the third quarter of the relevant financial year. Also the figures up to the end of third quarter had only been reviewed and not subject to audit.

By order of Board of Directors
**For, HARSHA ENGINEERS INTERNATIONAL LIMITED**
Sd/-
**Rajendra Shah**
Chairman & Whole Time Director
DIN : 00061922

**Place** : Ahmedabad
**Date** : 7 August, 2024